# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

**રીપીટર, પૃથ્થક અને ખાનગી ઉમેદવારોની એસ.એસ.સી./એચ.એસ.સી.**
**જુલાઈ-૨૦૨૧ની પરીક્ષાના આયોજન બાબત**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે એસ.એસ.સી. (ધોરણ-૧૦) અને એચ.એસ.સી. (ધોરણ-૧૨)ના રીપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની જાહેર પરીક્ષા આગામી જુલાઈ-૨૦૨૧માં આયોજીત કરવામાં આવેલ છે. સમગ્ર પરીક્ષા માટેનું ટાઈમટેબલ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૨૧ની પરીક્ષાનું ટાઈમટેબલ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવેલ છે.

બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-૨૦૨૧ (ગુજકેટ) માટેના ઓનલાઈન આવેદનપત્રો તા.૨૩/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ દરમિયાન ભરવા માટે જાહેરાત આપવામાં આવેલ છે. ગુજકેટ-૨૦૨૧ની પરીક્ષાની તારીખ આગામી સમયમાં જાહેર કરવામાં આવનાર છે.

બોર્ડ દ્વારા લેવાનારી ઉક્ત જાહેર પરીક્ષાઓ માટે તમામ કાર્યવાહી જિલ્લા વહીવટી તંત્રના પરામર્શમાં હાથ ધરવામાં આવેલ છે. પરીક્ષાઓ તેના નિયત સમયે કાર્યક્રમ મુજબ યોજવામાં આવશે જેની સબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા) વિજ્ઞાન પ્રવાહ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ – ૨૪/૦૬/૨૦૨૧
સ્થળ - ગાંધીનગર